જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૧/૨૦૧૮ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૩/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૩૧ લીટર દેશી દારૂ, ૩૦૮ બોટલ ઇંગ્લીશ દારૂ, ૭૨૦ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૦૪ બીયરટીન અને ૦૩ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૩ વ્યક્તિઓની અટક કરી રોકડ રૂપિયા ૧,૫૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૭૪/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## નજર ચુકવી ચોરી :- સમાચાર યાદી નં.૧૭૫/૧૮

**ખોખરા :** તારાબેન વા/ઓ રામચંદ્ર ચિચોલીકર(મરાઠી)(ઉ.વ.૭૩)(રહે,કોલબાપાર્ક સોસાયટી વિઠ્ઠલ મંદીર પાસે, ભાઇપુરા રોડ, ખોખરા) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૦૧/૧૮ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે વિઠલ મંદીરમાં શિવપુરાણ કથા સાંભળ્યા બાદ પ્રસાદ લેવા માટે માણસોની ભીડ માં હાજર હતા દરમ્યાન કોઇ અજાણી વ્યક્તિ તારાબેનના ગળામાં પહેરેલ સોનાનું મોતી તથા પેંડલવાળુ મંગળસુત્રકિંમત રૂપિયા ૧૫,૦૦૦/- તારાબેનની નજર ચુકવી ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એસ.ત્રીવેદી ચલાવે છે.

## વાહન ચોરી :- સમાચાર યાદી નં.૧૭૬/૧૮

**કૃષ્ણનગર :** યોગેશભાઇ રામભાઇ પટેલ (ઉ.વ.૨૬)(રહે,સોમનાથ સોસાયટી, શિવશંભુ સોસાયટીની બાજુમાં વસ્ત્રાલ રોડ રામોલ) એ તા.૨૩/૦૧/૧૮ ના કલાક ૪/૩૦ વાગ્યાના સુમારે આશાપુરા ટીસ્ટોલ ને.હા.નંબર-૮ ઠક્કરનગર ચાર રસ્તા નજીક પોતાની ઓટોરીક્ષા નંબર જીજે.૨૭.ડબ્લ્યુ.૯૬૮૫ કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- પાર્ક કરી મુકી હતી. જેની ચોરી ૧૫ મીનીટમાં થઇ હતી આ અંગેની ફરીયાદ યોગેશભાઇ પટેલે તા.૨૫/૧/૧૮ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.પી.ચાવડા ચલાવે છે.

**અમરાઇવાડી :** કર્મપાલ ખેદુરામ કહાર (રહે,શાસ્ત્રીનગર, સત્યમનગર પાસે, અમરાઇવાડી) એ તા.૨/૧૦/૧૭ રાતના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક પોતાની ઓટોરીક્ષા નંબર જીજે.૨૭.ડબ્લ્યુ.૪૨૭૬ કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- પાર્ક કરી મુકી હતી જેની ચોરી તા.૩/૧૦/૧૭ સવારનાં ૫/૩૦ દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ કર્મપાલ કહારે તા.૨૫/૧/૧૮ નારોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે.આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.આઈ.સોલંકી ચલાવે છે

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૭૭/૧૮**

**એલીસબ્રીજ :** અમરપાલ શીવકુમાર રાજપુત (ઉ.વ.૨૦)(રહે.ડી.સી.કડાકા બંગ્લો, પશુ દવાખાનાની બાજુમા માદલપુર ગામ એલીસબ્રીજ) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૪/૧/૧૮ રાતના ૧૦/૨૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતની ખુલ્લી જગ્યામાં જાંબુડાના ઝાડની ડાળી સાથે ડીશ કેબલનો વાયર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અંબારામ નાગજીભાઇ ચલાવે છે.

**દરીયાપુર :** વિશાલ ગોવિંદભાઈ રાવત (ઉ.વ.૨૮)(રહે,જીવીબેન ના મકાન માં, મોટી સાલેપરી દરિયાપુર) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૫/૧/૧૮ બપોરના ૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે દરીયાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.કે.ચારેલ ચલાવે છે.

**રખિયાલ :** રાજુભાઇ ગોવિંદભાઇ પટણી (ઉ.વ.૨૫)(રહે,લલ્લુ રત્નાના છાપરા સોનેરીયા બ્લોકની સામે રખિયાલ) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૫/૧/૧૮ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે રખિયાલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી બળદેવસિહ રામસિહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.